# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર


SAMAST MAHAJAN MEDIA COMMITTEE


ઈ-મેગેઝીન • વર્ષ : ૫ • સળંગ અંક : ૨૯૦ • તા.૩૦ ડિસેમ્બર થી ૦૫ જાન્યુઆરી ૨૦૨૩

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir, Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.




# ભુજનું નવું બસપોર્ટ તા.૧ જાન્યુઆરીથી પ્રવાસીઓ માટે શરૂ થશે


SHUBH
DIAMONDS
CHENNAI
2024
Happy
New year
Best Wishes
Rajendra Momaya
Contact : 9884899494
E.Mail : pratik.mota@shubhdiamonds.com
# 128, Cathedral Road, Chennai-600 086. For Business Queries : 044-4314 1444



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


**-: સંપાદક ગણ :-**

નીશિથ આનંદ દંડ

જયંત વસનજી છેડા

રાજેન્દ્ર મણિલાલ ખોના

પ્રવીણ હંસરાજ લોડાયા

કીર્તિકુમાર ધનજી ધરમશી

ચંદ્રેશ વિરચંદ છેડા



**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યહાર માટે સરનામું**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

3, Anant Siddhi Building, Gr. Floor, LBS Marg, Bhandup (West), Mumbai - 400 078.

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**

http://www.kdosm.org

Email :

gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.




# મધુર અને કઠોર વાણીની અસર

જૈન ધર્મમાં કહ્યું છે કે મન, વચન અને કર્મથી જાણતા કે અજાણતા કોઈને દુ:ખ પહોંચે એવું કરવું નહીં. જીભથી રોજે રોજ સ્થૂળ અને સૂક્ષ્મ હિંસા થતી હોય છે. એટલે શાબ્દિક હિંસાને રોકવી જોઈએ. માણસે વાણી પર એટલે કે જીભ પર અંકુશ રાખવો જોઈએ. એવો જ પ્રતિબંધ વિચારો પર પણ રાખવો જોઈએ. કારણ કે વિચાર પ્રેરે છે વાણીને બહાર પ્રગટવાનું. એટલે વિચારો પર લગામ એટલે વાણી પર આપોઆપ લગામ આવી જવાની. એવી જ રીતે સ્વભાવને પણ પોતાના કાબુમાં રાખવો જોઈએ. કોઈની ઉપર ગુસ્સો આવે. રોષ ઊભો થાય ત્યારે માણસ મૌન ધારણ કરે તો ઘણી શાંતિ અને સમતા, સ્થિરતા મળે છે. મૌનથી મન શાંત થઈ જશે. તનાવ ઓછો થઈ જશે. ક્રોધ ઉપર કન્ટ્રોલ લાગી જશે. કોઈ આપણી સામે ગમે તેવું બોલે પણ આપણે જો એ મનમાં ન ધરીએ તો સામી વ્યક્તિનું આ વાણી શસ્ત્ર બુઠું થઈ જશે.

પ્રેમ અને સ્નેહ પ્રસારમાં ભાષા કરતા મૌનનું માધ્યમ વધુ અસરકારક અને અર્થપૂર્ણ છે. કારણ કે, તેમાં શબ્દો કરતાં ભાવનું મહત્વ વધુ છે. માણસ જ્યારે મૌન રહે છે ત્યારે તેની આંખો અને ચહેરા પર વધુ ગહન ભાવ રહે છે. આ ભાવ હૈયાના ઊંડાણમાંથી પ્રગટેલા હોય છે. બોલવા કરતાં ચૂપ રહેવું વધુ મુશ્કેલ છે. તેમાંય ઉશ્કેરણી વચ્ચે મૌન જાળવવું એ ખરી કસોટી છે. ઉગ્રતા વચ્ચે શાંતિ જાળવવા જેવી આ વાત છે. એમાં જ ખરી કસોટી થાય છે. આ ચૂપ રહેવાની કલા જેને આવડી જાય તેને માટે મૌન અદભૂત તાકાત બની જાય. જેનું મૌન મક્કમ અને મજબૂત છે તેની સામે શબ્દો રૂપી શસ્ત્રો હેઠા પડે છે. આપણી ટીકા અને નિંદા કરનારાઓનો મુખ્ય ઉદ્દેશ આપણને દુ:ખી કરવાનો અને વ્યથિત કરવાનો હોય છે. પરંતુ આપણે પ્રતિભાવ ન આપીએ તો આપણી સામે વાણી વિલાસ, વાણી પ્રહાર કરનારના હથિયાર બુઠાં બની જાય છે.

કેટલાક જણ સમય, સંજોગો અને સ્થળનો વિચાર કર્યા વગર ગમે ત્યારે ગમે તેવું બોલી નાખે છે. કટુવાણી માણસને વીંધી નાખે છે. આ કાતિલ ધારવાળા શબ્દોના ઘાવ ઝટ રૂઝાતા નથી. વાણીના વચનોમાં એટલી તાકાત છે કે એ સંબંધોને જોડે છે અને તોડે પણ છે. અન્ય સાથેના વહેવારમાં વાણીનો સંયમપૂર્વક ઉપયોગ કરવો જોઈએ. સામી વ્યક્તિનું દિલ ઘવાય, તેની અવહેલના થાય કે તેના સ્વમાનને ઊંડો ધક્કો પહોંચે એવા શબ્દોના તાતા તીર છોડવા ન જોઈએ. મીઠા વેણ સહુ કોઈને ગમે છે. પણ અપમાનજનક કટુ વેણ કોઈને પસંદ ન પડે એ દેખીતું છે. મધુરવાણી એક વશીકરણ મંત્ર જેવી છે. જેનાથી સૌ મોહિત થઈ જાય છે જ્યારે કટુ વચનો કટંક જેવા છે જેની પીડા ન ભૂલાય એવી હોય છે.

– જ્ઞાતિમૈયા

# નવા વિચારોનું વાવેતર કરે છે વાંચન

## સેક્રેટરીના બે બોલ..



નીશિથ દંડ
(સેક્રેટરી જનરલ)

વાંચન કરવું એક કળા છે. વ્યક્તિ જેટલી સરળતાથી સાહજિકતાથી અન્ય કોઈપણ પ્રવૃત્તિ કરતાં શ્રવણ અને કથન કરી શકે છે. એટલી આસાનીથી વાંચન કરી શકતી નથી. વાંચન એટલે લેખન જેવી જ કપરી પ્રક્રિયા છે. વાંચન એ ચિંતનશીલ અને મનનશીલ પ્રક્રિયા-પ્રવૃત્તિ છે. મન ક્યાં ભટકતું હોય અને નયન અક્ષરોનું દર્શન કરતા હોય તો કંઈ ગ્રહણ થતું નથી. વાંચન એ મનોવૈજ્ઞાનિક મનોશારીરિક પ્રક્રિયા છે. એટલે જ વાંચન કરવું એટલે કળા કરવી જેવું છે. જેમ કલા કંડારતા એકાગ્રતા, શાંત ચિત અને ધ્યેય હોય તો જ સુરેખ અને મનમોહક સર્જન થાય છે. તે જ પ્રમાણે વાંચન વખતે ચિત એકાગ્રતા અને લગન તથા ધ્યાન હોય તો જ વાંચન ચિતમાં ઉતરે છે. મન સાથે મગજનું સાહચર્ય જોડાય છે ત્યારે વાંચનનો ગુણ લેખે લાગે છે.

જો વાંચનની આદત નિયમિત બને તો વ્યક્તિનો આંતરિક અને બ્રાહ્મ બંન્ને રીતે વિકાસ થઈ શકે છે. વાંચનથી વિમુખ વ્યક્તિ ભવિષ્યમાં પડકારોનો સામનો કરી શકવા સમર્થ હોતો નથી. વાંચન એક સારા મિત્રની ગરજ પૂરી કરે છે. વિદ્યાર્થી અવસ્થામાં વાંચનની ટેવ હોય છે. તેને જેમ વય વધે તેમ જાળવવી જોઈએ. વધારવી જોઈએ. વાંચનથી સાહિત્યના નવરસથી તરબતર થવાય છે. ડિજિટલ જુગમાં સ્માર્ટ લાઈફ જીવતાં ઈલેક્ટ્રિક ગેઝેટની આદત તેનું વળગણ બદલાવવું જરૂરી છે. અન્યથા વ્યવહાર બાહ્ય થઈ જવામાં વાર લાગતી નથી. મોબાઈલ સાથે લેપટોપ કે કોમ્પ્યુટરનો ઉપયોગ વધવાથી પારિવારિક સંબંધ પર થઈ ગયા છે, જાણે ખોવાઈ ગયા છે.

વાંચન એવું હાથવગું હથિયાર છે જેનો ઈચ્છો ત્યારે ઉપયોગ કરી શકો છો. મુસાફરી દરમ્યાન કે નવરાશની પળોમાં કોઈ સાથે ન હોય ત્યારે કે એકાંતમાં વાંચનો સહારો સુખદ પળો લાવી શકે છે. વિવિધ પ્રકારના જ્ઞાનવર્ધક વાંચનથી રસાળ ભૂમિમાં જેમ બીજનું વાવેતર કરી ભવિષ્યનો પાક લહેરાય છે એવી જ પ્રક્રિયા સહજ રીતે થાય છે. દરેક વ્યક્તિમાં આંતરિક જ્ઞાનની સમજ ધરબાયેલી હોય છે. તે વાંચનથી પૂર્ણ પણે વિકાસે છે, ખીલે છે અને વિશિષ્ટ રીતે અલગ તરીકે આવે છે. વ્યક્તિના વ્યક્તિત્વ ઘડતરમાં તેની ખિલવણીમાં વાંચનનો મોટો ફાળો હોય છે. વાંચનથી જ્ઞાન, સંસ્કાર અને સમજ મળે છે.

વાંચન વિષેના કેટલાક ક્વોટ વાંચીએ.

- સારા પુસ્તકો વિનાનું ઘર સ્મશાન જેવું છે.
- તમારા કદીએ નિષ્ફળ ન જનારા મિત્રોમાં પુસ્તકો સૌથી મોખરે છે.
- સારા પુસ્તકો જેવો કોઈ કાયમી મિત્ર નથી.
- જ્ઞાનના વિશાળ સાગરમાં ઊભી કરવામાં આવેલી દીવા દાંડી એટલે પુસ્તકો.

છેલ્લે ગાંધીજી એ લખ્યું છે કે પુસ્તકોનું મૂલ્ય રત્ન કરતાંય અધિક છે. રત્ન બહારની ચમક ધરાવે છે જ્યારે પુસ્તક આંતરિક ચમક ધરાવે છે જે જીવનને ઉજ્જવળ કરે છે.

# ભુજનું નવું બસપોર્ટ તા.૧ જાન્યુઆરી ૨૦૨૪થી પ્રવાસીઓ માટે શરૂ થશે




કચ્છ જિલ્લાના મુખ્ય મથક ભુજમાં આધુનિક તરેહનું તથા અદ્યતન સુવિધા સહિતનું બસ પોર્ટનું લોકાપર્ણ તા.૨૬ ડિસેમ્બર મંગળવારે રાજ્યના મુખ્યપ્રધાન ભૂપેન્દ્ર પટેલના હસ્તે થયું. હાલમાં સંસ્કાર નગર વિસ્તારમાં આવેલ હંગામી બસ સ્ટેશન તા.૧ જાન્યુઆરી ૨૦૨૪ના ૦૦.૦૦ કલાકથી જિલ્લા પંચાયત પાસેના ન્યૂ બસ પોર્ટ સ્થળેથી કરવાનું રહેશે એવી સૂચના ભુજ વિભાગીય નિયામક દ્વાર રાજ્યના વિવિધ વિભાગીય એસ.ટી. નિયામક જોગ પત્ર લખી અપાઈ છે તથા નવા બસ પોર્ટ ખાતે વિવિધ પ્લેટફોર્મ ઉપર નિયત કરાયેલ બસો લગાડાશે અને ત્યાંથી ઉપડશે જેની જાણકયારી ભુજથી પ્રવાસ કરતાં આપણા જ્ઞાતિજનોને ઉપયોગી ઠરશે.



# ભુજનું નવું બસપોર્ટ તા.૧ જાન્યુઆરીથી પ્રવાસીઓ માટે શરૂ થશે



પ્લેટ ફોર્મ નં.૧ થી ૩ : ભુજ ખાતે પૂર્ણ થતી ટ્રીપના પ્રવાસીઓ ઉતરવા માટે ઉપયોગ કરવા સારું.
પ્લેટફોર્મ નં.૪ : નિરોણા, ખાવડા અને લોડાઈ તરફ જતી બસો
પ્લેટફોર્મ નં.૫ : નખત્રાણા, માતાના મઢ, નારાયણ સરોવર, કોટેશ્વર તરફ
પ્લેટફોર્મ નં.૬ : મંગવાણા નલિયા તરફ
પ્લેટફોર્મ નં.૭/૮ : ગઢશીશા, માંડવી તરફ
પ્લેટફોર્મ નં.૯ : કેરા, રામાણીયા, વાંકી, મુન્દ્રા તરફ
પ્લેટફોર્મ નં.૧૦ : દુધઈ, અંજાર, ગાંધીધામ, ભચાઉ, રાપર તરફ જતી બસો
પ્લેટફોર્મ નં.૧૧ : રાધનપુર, પાલનપુર, મહેસાણા તરફ
પ્લેટફોર્મ નં.૧૨ : રાજકોટ, ભાવનગર, પોરબંદર, જૂનાગઢ, જામનગર તરફ જતી બસો
પ્લેટફોર્મ નં.૧૩ : પ્રીમિયમ બસ સર્વીસ
પ્લેટફોર્મ નં.૧૪/૧૫ : અમદાવાદ, સૂરત, વલસાડ, ગોધરા, દાહોદ, છોટા ઉદયપુર તરફની બસો






# ARIHANT BANK
SHRI ARIHANT CO-OP. BANK LTD.
Estd. 1984

## With LOWEST INTEREST Rates, we are still very much Co-operative

| Loan | Rate |
|---|---|
| HOME LOAN | *7.99% (p.a.) |
| 2 WHEELER LOAN | *7.99% (p.a.) |
| CAR LOAN | *7.99% (p.a.) |
| PRE OWNED CAR LOAN | *9.49% (p.a.) |
| eAUTO LOAN | *7.99% (p.a.) |
| COMMERCIAL VEHICLE LOAN | *9.49% (p.a.) |
| PRE OWNED CV LOAN | *9.99% (p.a.) |
| EDUCATION LOAN | *8.49% (p.a.) |
| TRADE LOAN | *8.49% (p.a.) |
| LOAN AGAINST PROPERTY | *9.49% (p.a.) |
| MORTGAGE LOAN | *7.99% (p.a.) |
| COMMERCIAL (CRE) LOAN | *8.49% (p.a.) |
| LOAN AGAINST INSURANCE POLICY | *7.75% (p.a.) |
| GOLD LOAN | *7.99% (p.a.) |
| MACHINES LOAN | *8.49% (p.a.) |

*ROI linked to the CIBIL score.
Terms & conditions apply

Head Office : GB-10 A&B, Karma Stambh, L.B.S. Marg, Vikhroli (West), Mumbai - 400 083

| Branch | Phone |
|---|---|
| Bhandup (West) | 86526 30381 |
| Borivali (West) | 86526 30390 |
| Dombivli (East) | 86526 30386 |
| Ghatkopar (East) | 86526 30383 |
| Ghatkopar (West) | 86526 30385 |
| Masjid Bunder | 86526 30384 |
| Matunga | 86526 30389 |
| Mulund (West) | 86526 30382 |
| Thane (West) | 86526 30388 |
| Vashi | 86526 30387 |
| Kamothe | 86521 19656 |

**SADA AAPKE SANG, ARIHANT**

For More Details, Call Nearest Branch or

**Toll Free : 1800 221 984**

**Working Hours :** 10:30 am to 05:30 pm **(Except Bank Holidays)**

www.arihantbank.com @ ArihantBank

## સમસ્ત જ્ઞાતિજનોને ઈ.સ.૨૦૨૪ના નવા વર્ષની શુભકામના

# શ્રી ક.દ.ઓ.જૈન નલિયાવાસી મુંબઈ ચેરિટેબલ ટ્રસ્ટ સ્થાપિત અને સંચાલિત શ્રી ચંદ્રપ્રભ જૈન અતિથિ ભવન, નલિયા



**અબડાસા નાની-મોટી પંચતીર્થી પૈકીના એક નલિયા તીર્થ જે સેન્ટરમાં છે જેથી આવવા જવા માટે વિશેષ અનુકુળતા ધરાવે છે**



## આધુનિક સુવિધાઓથી સજ્જ સંકુલ :

- નૈસર્ગિક વાતાવરણ, શાંત અને શીતળ માહોલ
- દરેક રૂમમાં એરકન્ડિશન, ડબલ બેડ સાથે ડ્રેસિંગ ટેબલ
- સ્વચ્છ બાથરૂમ ટોયલેટ, ચોવીસ કલાક ગરમ પાણી માટે ગીઝરની વ્યવસ્થા
- આતિથ્ય ઉપહારગૃહમાં શુધ્ધ સાત્વિક ગરમાગરમ ચા નાસ્તો અને બંન્ને ટાઈમ લિજ્જતદાર ભોજનની સુંદર વ્યવસ્થા
- ફિલ્ટર્ડ પાણીની સુવિધાજનક વ્યવસ્થા
- ચોવીસ કલાક સ્ટાફ સેવા માટે ઉપસ્થિત
- વિશાળ ચોગાનમાં ગાડી પાર્કિંગની સગવડ
- જૈન દેરાસર બે મિનિટના અંતરે

---

**: મુંબઈ કાર્યાલય :**

૧૦૯, અનુરાગ બિઝનેસ સેન્ટર, ઘાટલા રોડ, ચેમ્બુર (ઈસ્ટ), મું-૭૧. મો.નં.૯૮૨૧૦૨૭૮૭૪.

ઈમેઈલ - kdonaliyatrust@gmail.com

સ્થાનિક કાર્યાલય : મોતા ફળિયા, જૈન દેરાસરજી પાસે, નલિયા-૩૭૦૬૫૫, તાલુકા અબડાસા (કચ્છ)

ફોન નં.૦૨૮૩૧૨૨૨૨૧૫, મેનેજર પવન કુમાર સાયલા-૯૯૦૯૭૨૯૪૫૧

બેંક એકાઉન્ટ વિગત : બેંક ઓફ બરોડા, ૨૩૪/૨૩૬ નરશી નાથા સ્ટ્રીટ, ભાત બજાર, બ્રાંચ મુંબઈ-૪૦૦ ૦૦૯. સેવિંગ એકાઉન્ટ નંબર ૯૯૩૧૦૧૦૦૦૦૩૮૧૫

IFSC Code : BARB0DBBBAZ (Fifth Numeric is Number Zero)

# ટ્રેકેટ મલ્ટી વેન્ચર્સ પ્રા.લિમિટેડ એ ઈન્ડિયા ૫૦૦ મોસ્ટ પ્રોમેસિંગ આઈટી કં઼ુ ૨૦૨૩નો એવોર્ડ મેળવ્યો

તા.૨૩ ડિસેમ્બર શનિવારના નવી મુંબઈ મધે યોજાયેલ ઈન્ડિયા ૫૦૦ મોસ્ટ પ્રોમેસિંગ એવોર્ડ સેરેમનીમાં દર્શના ચેતન લોડાયા અને ચેતન દિનેશ લોડાયાની ટ્રેકેટ મલ્ટી વેન્ચર્સ પ્રાઈવેટ લિમિટેડને વિઝનરી, ઈનોવેટર, લીડરનો એવોર્ડ એનાયત કરાયો. વર્ષ ૨૦૨૩માં દેશની ૫૦૦ મોસ્ટ પ્રોમિસિંગ આઈટી કંપનીઓની સ્પર્ધામાં અતૂટ પ્રતિબધ્ધતા અને શ્રેષ્ઠ ગુણવતા સદર એવોર્ડ મળ્યો છે. આ પ્રતિષ્ઠિત એવોર્ડ મેળવવા બદલ દર્શના અને ચેતન લોડાયાને હાર્દિક અભિનંદન.




દર્શના ચેતન લોડાયા અને ચેતન દિનેશ લોડાયા એ ટ્રેકેટ પાછળના પ્રેરક બળો તેમની કૃતજ્ઞતા બતાવતા જણાવ્યું હતું કે ભારત ૫૦૦ મોસ્ટ પ્રોમેસિંગ આઈટી કંપની પુરસ્કાર પ્રાપ્ત કરવો એ અમારી ટીમ માટે એક ગૌરવ પ્રમાણપત્ર છે. સમર્પણ અને લોજિસ્ટિક્સ સ્પેસમાં તકનીકી ઉકેલ પહોંચાડવા માટેની અમારી પ્રતિબધ્ધતાને અર્થપૂર્ણ બનાવે છે.

ટ્રેકેટ એક ભારતીય સ્ટાર્ટઅપ છે જે સપ્લાય ચેઈન ટ્રાન્સપોર્ટ અને આઈટી આધારિત લોજિસ્ટિક્સમાં વિશેષતા ધરાવે છે જે ભારતમાં અલગ છે. ૫૦૦ સૌથી વધુ આશાસ્પદ આઈટી કંપની કેટેગરી એવોર્ડ માટે ટ્રેકેટનો પ્રતિભાવ છે કે ટ્રેકેટ મલ્ટિવેન્ચર્સ પ્રા.લિમિટેડ તેની સફળતાનો શ્રેય વ્યૂહાત્મક માર્કેટિંગ અભિગમ અને તેના મજબૂત કલાયન્ટોને આપે છે. કંપની સંબંધો અને વિકસતી જરૂરિયાતોને સમજવા પર ધ્યાન સાથે તેઓની તકનીકી નવીનતા પર વિકસે છે અને ઉપયોગ કરે છે.

સપ્લાય ચેઈન અને લોજિસ્ટિક્સ સોલ્યુશન્સને ઓપ્ટિમાઈઝ કરવા માટે અધતન આઈટીમાં ક્રાંતિ લાવવાના તેમના સહિયારા વિઝનને આગળ ધપાવે છે. લોજેસ્ટિકસ લેન્ડ સ્કેપ એવોર્ડ ઈન્ડિયા ૫૦૦ મોસ્ટ પ્રોમેસિંગ આઈટી કંપની કેટેગરીએ ટેક એવી સંસ્થાઓ માટે વિશેષ માન્યતા છે.

ઈન્ડિયા ૫૦૦૦ એવોર્ડસનું આયોજન સંશોધન જૂથ બેન્ચ માર્ક ટ્રસ્ટ અને TQV દ્વારા કરવામાં આવે છે. જે એક અગ્રણી નિરીક્ષક છે. ચકાસણી પરિક્ષણ અને પ્રમાણપત્ર સંસ્થા તેના જ્ઞાન અને ઓડીટ ભાગીદાર છે. આ ભારત ૫૦૦ એવોર્ડ બ્રાન્ડ છે. તેના એવોર્ડ સમારંભમાં સમગ્ર ભારતમાં કંપનીઓ અને વ્યક્તિઓને એક પ્લેટફોર્મ ઓફર કરીને અલગ પડે છે અને તક માટે તેમના સમય અને કૌશલમાં રોકાણ કરવાનું પસંદ કરે છે અને ભારત ૫૦૦ બિઝનેસ એવોર્ડ તરીકે ઓળખાય છે.

પુરસ્કારોની પસંદગી પ્રક્રિયા એન્ટ્રીઓ અને નામાંકનો પર આધારિત સંશોધન પધ્ધતિને અનુસરે છે. આખરી વિજેતા પ્રક્રિયા ગુણવતાના પરિણામો અને જ્યુરી બોર્ડના માર્ગદર્શિકાને ધ્યાનમાં રાખીને કરવામાં આવે છે. જેમાં વિવિધ ઉદ્યોગપતિઓ, નોલેજ પાર્ટનર્સ (TQV) અને ઓડિટ પાર્ટનર્સ તરફથી પ્રતિષ્ઠિત હસ્તીઓનો સમાવેશ થાય છે.

આ એવોર્ડ વિજેતાઓની યાદી https://india5000.com ના પેઈજ પર પ્રકાશિત કરવામાં આવે છે.

# તિરૂપુર નગરના શ્રી સુવિધિનાથ જિનાલયનો ૩૮મો ધ્વજા મહોત્સવ ઉત્સાહભેર ઉજવાયો






તા.૨૩ ડિસેમ્બર શનિવારના માગસર એકાદશી તિથિ દિને દક્ષિણ ભારતના તિરૂપુરૂ નગરના શ્રી સુવિધિનાથ જિનાલયનો ૩૮મો ધ્વજા મહોત્સવ વિવિધ ધર્મ આરાધના કરી ઉત્સાહભેર ઉજવાયો. પૂજા અને ધ્વજા મહોત્સવના લાભાર્થી જૈન બટન હાઉસ પરિવાર હતા. સેવ બુંદી પ્રભાવના સંઘ તરફથી કરાઈ હતી. મહોત્સવની વ્યવસ્થા સંઘના ટ્રસ્ટી રતિલાલ વેરશી નાગડા અને પ્રતાપ હંસરાજ નાગડાએ સુચારૂપણે કરી હતી.


જૂના અને જાણીતા

**અનવર ઢોલી**

આપને ત્યાં શુભ પ્રસંગે





**દાંડિયા રાસ, લગ્નગીત, રાસગરબા, ધમાલ, બાર દાંડિયા, ચાર દાંડિયા મટુકડી, ઢોલ રાંધ, સામૈયું**

**9820694055**
**8169566734**

૬૯, જુની માતૃછાયા ૩, ગાળે પટેલ ચોક, શિવાજી નગર, વાગ્લે એસ્ટેટ, ચેકનાકા, થાણા.



**જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો**

Email : gyatimaiya 2018@gmail.com

Whats App : 93222 57731

Read E-Paper http://www.kdosm.org

Address:
B-3, Krishna Kunj, Valji Laddha Road, Mulund (West) Mumbai - 400 080.

# પ.પૂ.સાધ્વીશ્રી જયપ્રજ્ઞાશ્રીજી મ.સા. સંયમ જીવનના ૩૬મા વર્ષમાં પ્રવેશ કર્યો



કચ્છ રાપરગઢવાળી ગામના માવિત્ર માતુશ્રી સોનબાઈ લખમશી દામજી લોડાયાના ધર્મ સંસ્કારી ધીયાંબાઈ માટુંગા-મુંબઈ નગરે અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા.ના હસ્તે વિક્રમ સંવત ૨૦૪૫ના માગસર વદ ૩ તિથિ દિને દીક્ષા ગ્રહણ કરી સંયમ જીવન પથનું વિચરણ ગુરૂમૈયા પ.પૂ.સાધ્વીશ્રી તત્વપ્રજ્ઞાશ્રીજી મ.સા.ના શિષ્યા તરીકે પ.પૂ.સાધ્વીશ્રી જયપ્રજ્ઞાશ્રીજી મ.સા.નામ ધારણ કરી શરૂ કર્યું.

તપ, ત્યાગ, ધર્મ, આરાધના કરતાં આજે વિક્રમ સંવત ૨૦૮૦ના માગસર વદ ૩ તિથિ દિને સંયમજીવન પ્રવાસના ૩૫ વર્ષ પૂર્ણ કરી ૩૬મા વર્ષમાં મંગળ પ્રવેશ કર્યો છે. ત્યારે ઉરની ઉર્મિ વ્યક્ત કરતા કામના કરીએ કે પૂજ્ય સાહેબ જિનશાસનની ધ્વજા ઉન્નત કરતાં સુવર્ણ, હીરક અને અમૃત વર્ષ પાર કરી સુવર્ણ વર્ષના શિખરે બિરાજે સાહેબજીને શત શત વંદના.

---

## નલિયા નગરે નાગડા ગૌત્રના શ્રી અંબે માતાજીને નમતા ભાવિકો જોગ સૂચના

શ્રી અંબે માઁ ની કૃપાથી સહર્ષ જણાવવાનું કે માતાજીના ભુવાના કાર્યક્રમની તિથિ ચૈત્ર વદ ૧૧ થી પુનમ તા.૧૯ એપ્રિલ ૨૦૨૪થી તા.૨૩ એપ્રિલ સુધીની નક્કી થયેલ છે. તો આ તારીખ પ્રમાણે બધા એ ટિકીટ કઢાવી લીધી હશે.

ગુગલ ફોર્મ માટે નીચે લિંક પર ક્લિક કરી આ ગુગલ ફોર્મમાં પરિવારમાંથી કેટલા જણ આવવાના અને કઈ તારીખે તેની વિગત જણાવવાની છે. જેટલા પણ કુટુંબ નલિયા આવવાના છે તેમણે ગુગલ ફોર્મ ભરવું કમ્પલસરી છે. જે ફોર્મ તા.૧૫ જાન્યુઆરી ૨૦૨૪ પહેલાં ભરી દેવું જરૂરી છે. જેઓને પણ ગુગલ ફોર્મ ભરવા માટે કોઈ હેલ્પ જોઈએ તો તેમણે નીચે આપેલ બે કમિટિ મેમ્બરનો સંપર્ક કરી શકે છે.

આ ગુગલ ફોર્મ ભરવાથી કુલ્લ કેટલા વ્યક્તિ નલિયા આવવાના છે. તે ખબર પડશે જેનાથી કમિટીને પધારનાર સૌની જમવાની અને અન્ય વ્યવસ્થા કરવામાં સરળતા રહેશે. વધુ વિગત માટે સંપર્ક ચિંતન નાગડા (મુંબઈ)-૯૮૭૦૦૦૦૯૭૨, હિતેશ નાગડા (અમદાવાદ)-૯૯૩૦૩૯૬૬૮૧

**ગુગલ ફોર્મ માટે અહીં ક્લિક કરી**

# સરિતા કેતન ડાઘાને ઈન્ડિયા ઈન્સ્પિરેશનલ વુમન એવોર્ડ મળ્યો

તા.૩૧ ડિસેમ્બર રવિવારના દિલ્હી ખાતે યોજાયેલ સમારોહમાં જાણીતા સાયકોલોજી ગ્રોથ કોચ અને ગ્રાફોલોજી સરિતા કેતન મહેન્દ્રભાઈ હંસરાજ ડાઘા વરાડિયા સાયનને વર્ષ ૨૦૨૩નો પ્રતિષ્ઠિત ઈન્ડિયા ઈન્સ્પિરેશનલ વુમન એવોર્ડ પોતાના ક્ષેત્રમાં ઉત્તમ કાર્ય પ્રદાન કરવા બદલ એનાયત કરાયો. આ એવોર્ડ મેળવવા બદલ હાર્દિક અભિનંદન.




## બેંક અકાઉન્ટની વિગત

**For NEFT Transfer**

| | |
|---|---|
| Type of Account | :Saving |
| Account Number | : 002001005497 |
| Name of the Bank | :Shri Arihant Co-op. Bank Ltd. |
| Branch | :Mulund (West), Mumbai - 400 080. |
| Name Account | :Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan |
| For Mobile App Transfer | |
| Our IFSC Code | :ICIC00ARIHT |

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of **'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan'**
(and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**

# ઉદાર હાથે સહાય કરો
# અને જ્ઞાતિસેવાનો લાભ લો

KDO JAIN GLOBAL CARD

KDO Swaroj

KDO BUSINESS

KDO SANJIVANI

**80G સર્ટિફીકેટ**

## C.S.R.

CORPORATE SOCIAL RESPONSIBILITY

KDO दिव्यांग

स्वाभिमान

AAWAAS

KDO UDAAN

**For NEFT Transfer**

| | | |
|---|---|---|
| Type of Account | : | Saving |
| ccount Number | : | 002001005497 |
| Name of the Bank | : | Shri Arihant Co-op. Bank Ltd. |
| Branch | : | Mulund (West) Mumbal - 400 080. |
| Name Account | : | Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan |
| For Mobile App Transfer | | |
| Our IFSC Code | : | ICIC00ARIHT |

## શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન

# ભાવભીની શ્રદ્ધાંજલિ



**ગુલાબભાઈ ખોના**
તા.૨૪ ડિસેમ્બર (ઉ.૭૫)
જખૌ-કોલકતા



**દેવકુવરબેન લોડાયા**
તા.૨૪ ડિસેમ્બર (ઉ.૮૦)
તેરા-દેઢિયા



**દમયંતીબેન મહેશ્વરી**
તા.૨૫ ડિસેમ્બર (ઉ.૮૨)
જખૌ-મુંબઈ



**વિજ્યાલક્ષ્મીબેન ખોના**
તા.૨૫ ડિસેમ્બર (ઉ.૮૩)
રંગપુર-ડોંબિવલી



**કુસુમબેન નાગડા**
તા.૨૬ ડિસેમ્બર (ઉ.૮૯)
તેરા-ખામગાવ




**રાયચંદભાઈ શીયાલ**
તા.૨૬ ડિસેમ્બર (ઉ.૯૦)
દલતુંગી-બોરીવલી



**નિકેન્દ્રભાઈ ખોના**
તા.૨૭ ડિસેમ્બર (ઉ.૬૩)
ધ્રાફા-બોરીવલી



**લીલમબેન ખોના**
તા.૨૭ ડિસેમ્બર (ઉ.૮૩)
કોઠારા-અંધેરી



**કસ્તુરચંદ લોડાયા**
તા.૨૯ ડિસેમ્બર (ઉ.૮૭)
સાંયરા-દેવલાલી



**ભાગ્યવંતી નાગડા**
તા.૩૦ ડિસેમ્બર (ઉ.૮૩)
નલિયા-ભાંડુપ

**આ કોલમમાં આપના કુટુંબીજનોને આપ વિનામૂલ્યે શ્રદ્ધાંજલિ આપી શકશો. વિગતમાં આપ નામ, ફોટો, ઉંમર અને હાલ વસવાટની વિગત વિનામૂલ્યે આપવામાં આવશે.**



# વતનજી વાવડ ...



– સં. રાજન ચંદે 'ધૂણી'

● સ્વામિનારાયણ મંદિર ભુજ સંચાલિત સ્વામિનારાયણ કન્યા વિદ્યામંદિરની વિદ્યાર્થીનીઓ ગુજરાત રાજ્ય કક્ષાની બેન્ડ સ્પર્ધામાં પશ્ચિમ ઝોનનું પ્રતિનિધિત્વ કરી પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું હતું. ગુજરાત સ્ટેચ્યુ ઓફ યુનિટી કેવડિયા ખાતે યોજવામાં આવેલ. સરદાર જયંતિ પ્રસંગ એકતા પરેડમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી તેમજ અન્ય મહાનુભાવોની ઉપસ્થિતિમાં કન્યાઓએ બેન્ડનું શ્રેષ્ઠ પ્રદર્શન પ્રસ્તુત કર્યું હતું. સ્વામિનારાયણ કન્યા વિદ્યા મંદિરનું બેન્ડનું પ્રદર્શન જોઈ મહાનુભાવો એ પ્રશંસા કરી હતી. રાષ્ટ્રીય કન્યાએ વિજેતા થઈ યશ ભાગી થનાર વિદ્યાર્થીનીઓએ કચ્છ જિલ્લાનું તેમજ સંસ્થાનું ગૌરવ વધાર્યું છે.

● રાષ્ટ્રીય સ્વંયસેવક સંઘની ૯૮ વર્ષની યાત્રાનું વિહંગાવલોકન કરવા કચ્છ વિભાગ એકત્રીકરણની બેઠકનું માર્ગદર્શન દિલ્હીના વરિષ્ઠ પ્રચારક અરૂણકુમારજીએ કર્યું હતું. દેશની આઝાદીના ૭૫મા વર્ષે વિશ્વમાં ભારત કેન્દ્ર સ્થાને છે. જ્યારે સંઘ દેશના સમાજ જીવનના કેન્દ્ર સ્થાને છે. રાષ્ટ્ર અને સામાજિક સ્તરે સંઘને ચાર પેઢીએ પહોંચાડ્યો હવે જ્યારે સંઘને ૧૦૦ વર્ષ થવાના છે ત્યાર સંઘની પાંચમી પેઢી એ તેને સર્વ વ્યાપી બનાવવાનો છે એવું તેમણે જણાવ્યું હતું.

● શ્રી જલારામ ચેરિટેબલ ટ્રસ્ટ દાદર-મુંબઈની પ્રેરણાથી માનવજ્યોત સંસ્થા ભુજ તથા રામદેવ સેવાશ્રમ પાલરા દ્વારા ભુજ વિસ્તારના એકલા-અટુલા નિરાધાર, બીમાર, પથારીવશ, ચાલી ન શકતા. ઘરે રસોઈ બનાવી ન શકતા ૧૦૩ વૃધ્ધોના ઘરે જઈ ટિફિન દ્વારા ભોજન પહોંચાડાય છે. માનવ જ્યોતનું વાહન દરરોજ શહેરના જુદા જુદા વિસ્તારમાં ૭૦ વર્ષની વય વટાવી ચૂકેલા ૧૦૩ વૃધ્ધોને ઘેર મફત ટિફિન આપી આવે છે. સવારે ૯ થી આ કાર્ય શરૂ થાય છે જે બપોરે બે વાગ્યા સુધી ચાલે છે. છેલ્લા ૨૦ વર્ષથી આ સેવા પ્રવૃત્તિ સખી દાતાઓના સહયોગથી અવિરત રહી છે. દર બારસ તિથિ દિને ભુજ સ્વામિનારાયણ મંદિર તથા દર પૂનમના ભુજના કબીર મંદિર તથા કપિરાજ હનુમાન મંદિર મિરઝાપર દ્વારા તૈયાર રસોઈ આપવામાં આવે છે.

● શ્રીનગર ખાતે યુનાઈટેડ પાવર લિફ્ટિંગ ફેડરેશન ઓફ ઈન્ડિયા અને સ્પોર્ટસ એસોસીએશન જમ્મુ એન્ડ કાશ્મીરના નેજા હેઠળ પ્રથમવાર રાષ્ટ્રીય સ્તરની યોજાયેલ પાવર લિફ્ટિંગ સ્પર્ધામાં મુંદરાની યુવતી નેહલ મનીષ પંડ્યાએ પોતાની વજન કક્ષામાં સુર્વણચંદ્રક મેળવ્યો તથા માસ્ટર મહિલા ખેલાડીઓમાં સ્ટ્રોંગ વુમનનો ખિતાબ પણ મેળવ્યો. નેહલ પંડ્યા બાવન કિલોગ્રામની વજન કક્ષામાં બેન્ચ પ્રેસ અને ડેડ લિફ્ટમાં ચેમ્પિયન ઓફ ચેમ્પિયન રહ્યાં હતા. તે સિવાય જિલ્લાના વત્સલ નિખિલ મહેશ્વરીએ ૬૬ કિલોગ્રામ વજન ગ્રુપમાં સ્ટ્રોંગમેનનો ખિતાબ મેળવ્યો હતો અને તેના પિતા નિખિલ મહેશ્વરીએ ૪૨૫ કિલોગ્રામ વજન ઊંચકીને સિલ્વર મેડલ જીત્યો હતો.

● ભુજ શહેરના ખારી નદી ખાતે નવનિર્મિત સાર્વજનિક મોક્ષ ધામના નૂતન સંકુલનું કામ ૪૦ ટકા પૂર્ણ થઈ ગયું છે અને આગામી ત્રણેક માસમાં સંપૂર્ણ તૈયાર થઈ જશે. ૫૨ લાખના ખર્ચે તૈયાર થનાર મોક્ષધામ સ્વજનને અંતિમ વિદાય આપવા આવનારા ડાઘુઓને પડતી અગવડ દૂર થશે.

● કચ્છના છેડે આવેલા અબડાસાને જોડતા દેશલપરથી તાલુકા મથક નલિયા સુધીના રસ્તાને અદ્યતન બનાવવાનો સરકારે નિર્ણય લીધો છે. ફોરલેન રોડ બનાવવાની હિલચાલ વચ્ચે ભાનાડા હવાઈ મથકને ધ્યાનમાં લઈ ૯૨ કરોડ રૂ. હયાત રોડની મજબૂતાઈ માટે ફાળવવામાં આવ્યા છે. જેમાં બે સ્થળે તાકદીના સમયે એરફોર્સ વિમાનનું ઉતરાણ કરી શકાય એવા બે રન વેનું આયોજન છે. પશ્ચિમ કચ્છનો આ પહેલો રોડ હશે. જ્યાં રેલવે વિભાગ ત્રણ સ્થળે ઓવર બ્રિજ બનાવશે. ભવિષ્યમાં જો કોઈ યુધ્ધ જેવી પરિસ્થિતિ ઊભી થાય તો રનવેની વૈકલ્પિક વ્યવસ્થા હોવી જોઈએ એટલે ભાનાડા એરફોર્સને ઉપયોગી થાય એવા બે રનવે એક સુડધ્રો પાસે તથા બીજો કનકપર પાસે અલગ અલગ ચાર ચાર કિ.મી.નો રનવે પ્રકારનું રોડ હોય એ વિચારણા હેઠળ છે.

DON'T
# Compromise!




Portability Benefits Available



## COMPARE, SCRUTINIZE & DECIDE

karani

: For Details Contact Us :

YASHODHAN KARANI 98211 37737

DEEPAK KARANI 98210 82664

DEEPAK MOMAYA 93233 44737

KALPESH LODAYA 93248 33133

- ☑ Global Cover
- ☑ No Room Rent Restrictions
- ☑ Consumables Benefit Cover
- ☑ Maternity Cover
- ☑ Emergency Air Ambulance
- ☑ OPD Dental Treatment Upto 10000/-
- ☑ OPD Treatment Upto 5000/-
- ☑ 60 Days-Pre & 90Days Post Hospitalisation
- ☑ Road Ambulance 5000 per Hospitalisation
- ☑ Compassionate Travel Upto 20000
- ☑ High End Diagnostic upto 25000
- ☑ Bariatric Surgery Cover
- ☑ No Claim Bonus 50% every year upto 100%
- ☑ Long Term Policy Discount 10% for 3 yrs Policy

*T & C APPLY

# insurancekhoj.com™

**the ultimate stop for insurance™**

#404, BPS PLAZA, DEVI DAYAL ROAD, MULUND (W), MUMBAI - 400080.

90049 99900 / 93221 37737 79771 01415 insurancekhoj@gmail.com

LOCATIONS : GUJARAT | MAHARASHTRA | MADHYA PRADESH | KARNATAKA